સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ફૂટી જાય કોર્ટમાં કે સાક્ષી ફરી જાય છે!
સરકારી ધાક-ધમકીથી, ડરી જાય છે!
કે મરી જાય છે ચૂકાદા પ્હેલાં જ 'અકસ્માતે'-
ને જ 'બિચારા' લાચારીમાં સરી જાય છે!
(પાંગળા કાયદા ને ન્યાય)

હાઈકુ

કોર્ટનું સત્ય,
કહે કોણ સિંહને -
ન્યાય ગંધાય !

પૂરાવા પણ,
સત્તા દેવીની બીકે -
પટાવે પૂંછ!!

ચિંતન

સ્વયં બ્રહ્મા સ્વયં વિષ્ણું સ્વયમિન્દ્રઃ સ્વયં શિવઃ ।
સ્વયં વિશ્વમિદં સર્વં સ્વસ્માદન્યન્ન કિંચન ॥

ઉપરોક્ત શ્લોક આત્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

આત્મા સ્વયં બ્રહ્મા, સ્વયં વિષ્ણુ, સ્વયં ઈન્દ્ર, સ્વયં શઇવ અને સ્વયં વિશ્વ છે. સ્વસ્વરુપ આત્મા સિવાય બીજું કાંઈ નથી.

પરમાત્મા જ 'આત્મ' સ્વરૂપ છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એ ત્રણ તત્ત્વો પરમાત્મા છે એ 'એક' જ છે.

આત્મા - સમગ્ર વિશ્વ - સૃષ્ટિ - બ્રહ્માંડ પર 'પરમાત્મા'માં સમાયેલું જ છે. આ સમજવા વિશ્વરૂપ દર્શન કે કાકભૂસિંડીજી ને શ્રી રામે બતાવેલું પોતાના ઉદરમાં રહેલું બ્રહ્માંડ સમજી લેવું.

સુવિચાર

- ગર તલબ મંઝિક કી બની રહે... તો ઉઠતે હૈ ખુદ-બ-ખુદ કદમ - **પ્રવિણસિંહ પરમાર**
- ઓડકાર દ્વારા આહારની ખબર પડે, તેમ વાણી દ્વારા ભાવનું અનુમાન કરી શકાય છે - **હેમચંદ્રાચાર્ય**
- જયારે કંઈ ન હોય ત્યારે તમારું મેનેજમેન્ટ અને જયારે બધું જ હોય ત્યારે તમારું વર્તન જ તમારી સફળતાનો આયનો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દાયા દાનને દાતારી, માન મર્યાદા ને મોટપ આ બધા લક્ષણો કુળમાં ઉતરી આવે સાહેબ, ઈ ચોપડા થોડા છે કે વાંચવામાં આવે - **મોરારિ બાપુ**
- મનગમતામાં આનંદ અને અણગમતામાં અફસોસ કર્મબંધનું કારણ છે - **તુકારામ**
- સંસારના વિચારો તે ચિંતા કહેવાય, આત્માના વિચારો તે ચિંતન કહેવાય - **રમેશ ઓઝા**
- આજનું ઔષધ : કંઈ વાગવાથી લોહી નીકળે તો ફટકડીનો ભૂકો લગાવી પાટો બાંધવાથી રક્તસ્રાવ અટકે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એકથી દસમાં પગથિયે પહોંચવું એ સાહસ નથી, પણ માનઈસ દસથી પ્લસ દસ સુધી પહોંચવું એ સાહસ છે.

રાણી એલીઝાબેથના સમયમાં ડૉ. થોમસ કૂપર નામના મહાન વિદ્વાને મહાઅંગ્રેજો કોશનું સંપાદન અને સંકલન કર્યું હતું. તેમાં ડૉ. કૂપરે તેત્રીસ હજાર શબ્દોનો ઉમેરો કર્યો. જૂના શબ્દકોશમાં અનેક સુધારા-વધારા કરવામાં આવ્યા. આ ભગીરથ કાર્ય એમણે આઠ વર્ષમાં પૂરું કર્યું.

ડૉ. કૂપરના પત્ની ઝઘડાળુ સ્વભાવના હતા. તેમણે આ સાહિત્ય સળગાવી દીધું. ડૉ. કૂપરે આ વાતથી ઘણું દુઃખ થયું. તેમણે પત્નીને ફક્ત એટલું જ કહ્યું, 'આ શું કર્યું, મારી આઠ વર્શની મહેનત ઉપર પાણી ફરી વળ્યું.' અને બીજે દિવસે જ ફરી નવા શબ્દકોશના કામમાં લાગી ગયા અને ટૂંક સમયમાં જ નવો શબ્દકોષ તૈયાર કર્યો.

ભાજપમાં ભારેલો અગ્નિ

તંત્રીસ્થાનેથી...

રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે કાયમી શત્રુ નથી હોતા. સાનુકૂળ સંજોગોમાં વિરોધી અને પ્રતિસ્પર્ધી લાગતા આગેવાનો પણ પાળેલા કૂતરાની જેમ પૂંછડી પટપટાવતા જેનો સિતારો જોરમાં હોય એનો પાવલાં (પગનાં તળિયાં) ચાટતા થઈ જતા હોય છે. એવા સમયે જુનિયર-સિનિયરનો ભેદભાવ પણ શમી જતો હોય છે. પક્ષ કોઈ પણ હોય, એની તાસીર તો આમ એક સરખી જ રહેતી હોય છે. સોનિયા ગાંધીના વિદેશી મૂળનું બહાનું કાઢી એમની સામે બાંયો ચડાવનારા શરદ પવાર કે નારાજ થઈને પાર્ટીમાંથી રાજીનામું આપી અલગ ચોકો માંડનારા પ્રણવ મુખર્જી કે અર્જુનસિંહ જયારે અટલ બિહારી વાજપેયીની સરકારના પતન પછી કોંગ્રેસ પુનઃ સત્તા સ્થાને આવી ત્યારે ચૂપચાપ ડાહ્યાડમરા થઈ એમની આસપાસ ગોઠવાઈ ગયા હતા. ભારતીય જનતા પાર્ટીમાં કહેવતા 'અટલ યુગ' માં ખરી સત્તા તો સંઘના કૃપાપાત્ર લાલકૃષ્ણ અડવાણી જ ભોગવતા હતા. ઝીણાની મજાર પર જઈ આવ્યા તે જાણે બહુ મોટું પાપ થઈ ગયું હોય એમ વર્ષોથી પાર્ટી પર શેષનાગ જેવી મજબૂત પક્કડ ધરાવતા અડવાણી ખૂબ જ ઝડપી ગતિથી ગબડતા થઈ ગયા અને આખરે જીવતું મડદું બની પાર્ટીમાં પડી રહ્યા છે. શરુઆતમાં નરેન્દ્ર મોદીનો સિતારો ચમકાવવામાં પુરોહિત કર્મ આ અડવાણી એ જ કર્યું હતું. પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી પદે હેટ્રિક લગાવ્યા પછી તેઓ ગુરુના જ હરીફ તરીક ઊપસી આવ્યા અને સંઘ સહિત પાર્ટીનાં તમામ સૂત્રોએ એમની વિશિષ્ટ પ્રતિભા તથા ફંડ રેઈઝિંગ કેપેસેટીને લક્ષમાં લઈ એમને વડાપ્રધાન પદના દાવેદાર તરીકે રજૂ કરી પ્રચારતંત્ર સુપરત કરી દીધું હતું જેની ફલશ્રુતિ લેખે તેઓ છેલ્લા સાડા ચાર વર્ષથી દેશ પર એકહથ્થુ સત્તા ભોગવી રહ્યા છે. નસીબે શરૂ શરૂમાં યારી આપી એટલે તેઓ પોતાની પસંદગીના રાષ્ટ્રીય અધ્યક્ષ મૂકી શક્યા. અમિત શાહે પણ ધાર્યા કરતાં ઘણું વધારે કાઢું કાઢ્યું અને એક તબક્કે તો આ જુગલજોડી આવનારાં બીજાં પાંચ વરસ માટે ભાજપના શિરમોર સત્તાધીશો તરીકે દેશ પર રાજ કરશે એવું પણ લાગવા માંડેલું. પણ સમયનું ચક્ર તો ફરતું જ રહે છે. દેશને કોંગ્રસ મુક્ત કરવાની ડંફાસ અને વિશ્વનેતા તરીકે છવાઈ જવાની ઘેલચા તાજેતરમાં પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી વખતે ટાંય ટાંય ફીસ થઈ ગઈ તે પછી પાર્ટીમાં જ આ સર્વોચ્ચ બેલડી સામે ભારેલો અગ્નિ ભભૂકી ઊઠે એવાં એંધાણ વરતાઈ રહ્યાં છે.પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને મોદી કેબિનેટના સૌથી સફળ મંત્રી ગણાતા નીતિન ગડકરીએ બધાને સમજાય એવી ભાષામાં ફૂંફાડા મારવા માંડ્યા છે. ફક્ત વિજયનો જશ ઓળવી લેવા ટેવાયેલી નેતાગીરીને પરાજયની જવાબદારી સ્વીકારવાની ટકોર કરી રહેલા ગડકરી હકીકતમાં શરૂથી જ મોદી-શાહ બેલડીથી નારાજ હતા પરંત બરાબર લોઢું તપેલું જોઈને એમને મોઢું ખોલ્યું છે. એમણે નહેરુનાં વખાણ કર્યા છે અને મોદી-શાહની વાક્છટા સામે આંગળી સીંધી તે સૂચક છે. વળી ગડકરી બોલે છે તે પાર્ટીના ઘણા બધા અસંતુષ્ટોના હૈયે ધરબાયેલો અસંતોષ પ્રગટ કરતી વાણી છે. બનવાજોગ કે એમાં સંઘ-પરિવાર પણ સામેલ હોય. 'મોદી-શાહ જૂથ' હવે એનો કેવો પ્રતિસાદ પાઠવે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

આપણે વિવેકી બંદા બનીએ...

ધન, જોબનને ઠાકરી તે ઉપર અવિવેક,
એ ચારે ભેગાં થાય, અનરથ કરે અનેક

●●●

એક પ્રાર્થના વાંચવા મળી, 'હે વિવેક! તને નમસ્કાર. તું અજાણતાં દ્વાર ખોલાવે છે. જીવનને માધુર્ય આપે છે. તે રસ્તે જતાં ને જીવનભરના મિત્રો બનાવે છે.' મહાકવિ ગેટે કહેતા, 'ખરો વિવેક તો હૃદયનો. એમાંથી બહારનો વિવેકી વ્યવહાર જાગે છે.'

સિકંદર અને પોરસની વાત જાણતા હશો. યુક્તિ-પ્રયુક્તિ કરીને સિંકદર જીત્યો. પોરસ હાર્યો. ને કેદ પકડાયો. સિંકદરે પૂછ્યું, 'તમારી સાથે કેવો વ્યવહાર કરું?'

'એક રાજાને શોભે એવો.' પોરસે બેધડક કહ્યું.

આ એક જ વાક્યે સિંકદરના અંતરને જગાડી દીધું. પોરસના જવાબમાં રહેલો મર્મ પણ બરાબર સમજવા જેવો છે. 'એક રાજાને શોભે એવો' એટલે શું? પોરસને કે સિકંદરને? એણે બેય અર્થ વિચારીને જોયા; મર્મ પારખી લીધો ને પોરસને માનભેર મુક્ત કર્યો. જો બહારવટિયા જેવો કોઈ રાજા હોત તો એણે પોરસને અપમાનિત કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હોત. પણ એ જાણતો હતો કે વીરત્વ વિવેકથી વધારે ઊજળું બને છે. માટે જ આ ઘટના સિકંદરના મૂલ્યવાન મુગત કરતા પણ વધુ યાદ કરાય છે.

લાગણીનો મેળો
રસિક વાળંદ

ગ્રીસે એક કાળે સૂત્ર વહેતું કર્યું. 'માનવ એક સામાજિક પ્રાણી છે.' પણ આજ-કાલ માણસનાં વ્યવહારો જોતાં લાગે છે કે અસામાજિક પ્રાણી બની ગય છે. વિવેકના અભાવે સામાજિક સંબંધોને નામે બનાવટ આદરતો થઈ ગયો છે.

એક સંત માનવ અને જગત વિશે આશ્રમવાસીઓને સમજાવી રહ્યા હતા. સામે એક મોટર મૂકવામાં આવી. એ મોટરના યંત્રનો પટ્ટો કાઢી લેવામાં આવ્યો. પાસે એક મિકેનિક ઊભો હતો, 'આ પટ્ટાનું મૂલ્ય કેટલું?'

'સાડા ત્રણ રૂપિયા.' 'પટ્ટા વગર મોટર ચાલે?', 'કોઈ સંજોગોમાં નહીં,' 'મશીનનો એકાદ સ્ક્રૂ ના હોય તો?' 'તો પણ ના ચાલે.' સંતે સહુને સંબોધીને કહ્યું, 'પટ્ટો, સ્ક્રૂ ને બીજા ભાગ એ મશીનના ભાગ છે.' એ જ રીતે આ આખી મોટર વાતાવરણનો એક ભાગ છે. સ્ક્રૂ બગડે તો ના ચાલે એમ મોટર પણ આડી અવળી ચાલે તો ના ચાલે.'

એ મોટરની જેમ આપણે પણ આ વાતાવરણના ભાગ છીએ. આપણે આડાઅવળા ચાલીએ એ ના ચાલે. મોટર સરસ ચાલે એ માટે યંત્રવિદ્ ઈજનેરો ખૂબ પ્રયત્નો કરે છે. એને ચલાવવામાં આપણો વિવેક પણ ઉમેરીએ તો રસ્તા ઉપર કેટલો ફકક પડી જાય!!

અનુસંધાન પાના નં ૭ પર

કોણે રે માર્યો રે હરિનો હંસલો?

ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્રનું નામ પરબ છે.એ દર માસે બહાર પડે છે. પરબના ડિસેમ્બર-૨૦૧૮ ના બાપુ નામનું કાવ્ય છપાયું છે. એક પિતા વેશભુષા કરીને ગાંધીજી બનતા પોતાના પુત્ર વિશે કેવી કેવી ધારણાઓ કરે છે અને કેવી દહેશત અનુભવે છે તેનું સાવ સાદી ભાષામાં અદભુત વર્ણન કરવામાં આવ્યું છે. હું કાંઈ કહું તેના બદલે કાવ્યને જ બોલવા દઈએ.

બાપુ ! મારા દીકરાને વેશભૂષામાં મહાત્મા ગાંધી બનાવ્યો'તો.

સાવ સે'લો !

ગરણાની પોતડી દાદાના ચશ્માની
જૂની ફ્રેમ જૂના કેલેન્ડરના
પૂઠાનાં ચંપલ
ને હાથમાં લાકડી

ત્યારથી એ ઘરમાં ગાંધી ગાંધી રમતો. રમતાં-રમતાં... જતો રહ્યો છે 'બા'ર ગાંધી ગાંધી રમવા.

મને બીક છે એટલી કે, એ પણ ખાલી M. G. રોડ, બનીને ન રહી જાય.

-વંદના શાંતુઈન્દુ

આપણા અખબાર ''ગાંધીનગર સમાચાર''માં શ્રી કુંતલભાઈ નિમાવતની ''૧૫૦ ગાંધીયાત્રા''

નામની શ્રેણી દરરોજ વાંચવાની મઝા આવે છે. રામકથાની જેમ શ્રી નારાયણ દેસાઈએ ગાંધીકથા કહેવાનો પ્રયોગ શરૂ કર્યો હતો. તે ઘણે અંશે સફળ થયો હતો. ગાંધીજીના જીવનના જાણ્યા-અજાણ્યા અસંખ્ય પ્રસંગો અને કથામાં પરોવાઈ ગયા હતા.

મનના ઉમંગો
રણછોડ પરમાર

આ કથાનું શ્રી કુંતલભાઈએ સંકલન કર્યું છે. ઉપર લખેલી કવિતાની વાત કરતા પહેલાં તા-૨૩/૧૨/૨૦૧૮ ના વર્તમાનપત્રમાં ગાંધીજી હત્યા સંબંધનો જે પ્રસંગ નારાયણ દેસાઈએ કથામાં કહેલો છે તેની થોડીક વાત કરીએ.

''એક નિર્મળ હૃદયની બાળાએ-કદાચ વાતાવરણથી કલુષિત થઈને પૂછ્યું.' છેવટે ગાંધીજીને શું કામ માર્યા હશે? કંઈક તો એમનો વાંક હ્શે ને? વાંક વિના તે કોઈ મારતું હશે? 'મેં કહ્યું.'બેટા, વાત તો તારી સાચી. ઈશુ ખ્રિસ્તનો કોઈક વાંક હતો એટલા જ માટે એમને શૂળીએ ચડાવવામાં આવ્યા હતા. સોક્રેટિસનો વાંક હતો એટલા માટે જ તો એમને ઝેર આપવામાં આવ્યું હતું ને?

ગાંધીજીનો વાંક એ હતો કે, બાઈબલની ભાષામાં જો કહું તો, હી ડાઈડ ફોર ધી સિન્સ ઓફ અધર્સ.બીજાના પાપના વાંકે મર્યા. વાંક હોય તો આપણા પાપનો વાંક.''

શ્રી નારાયણ દેસાઈ તો સંત જેવા માણસ એમણે આપણો ગુનો કબૂલ કરી લીધો. પણ કોઈ કવિએ આની વાત કરવી હોય તો કેવી રીતે કરે? શ્રી વિપિન પરીખનું આ કાવ્ય વાંચો અને વિચાર કરો કે ગાંધીજીને શું કામ મારવામાં આવ્યા હશે?

ઈશુ તથા મોહનદાસ ગાંધીને
માણસ નામે નબળું પ્રાણી,
એની ઊંઘ એને ઘણી વ્હાલી ! તમે અચાનક એને ઢંઢોળો તો ક્રોધથી ગાંડોતૂર થઈ ક્રોસ ઉપર તમને લટકાવે નહીં તો શું કરે? અથવા હાથમાં જો બંદૂક આવે તો શું તમને જતા કરે? તમે તો સર્વજ્ઞાની- આટલું પણ નહીં જાણ્યું કે
કાચી ઊંઘમાંથી કોઈને જગાડાય નહીં?

શ્રી વિપિનભાઈ કાયમ એકદમ સાદી ભાષામાં અને સરળ શૈલીમાં ગધ્યકાવ્યો લખે છે. જે સમજવામાં તો સહેલાં હોય છે, પણ ચિત્ત પર એની અસર લાંબો સમય રહે છે. તેમનું જ એક બીજું નાનકડું કાવ્ય જુવો, એ વાંચ્યા પછી ઉપર મથાળે આપેલા કાવ્યમાં કોઈ સમજૂતીની જરૂર રહેશે નહીં.

એ લોકો અને હું
એ લોકોએ ઈશુને ખીલા ઠોકી માર્યો, એ લોકોએ સોક્રેટિસને ઝેર પાઈને માર્યો, એ લોકોએ ગાંધીને ગોળીથી વાંધી નાખ્યો.
પણ એ લોકો મને નહીં મારી શકે.
કારણ
હું સાચું બોલવાનો આગ્રહ નથી રાખતો.

કોઈની પ્રશંસા કરવી અઘરું કામ છે ?

'આનંદબાબુ કી સોસાયટી લે ચલો.મારાથી બોલાઈ જવાયુ.

ખરેખર સોસાયટીનું નામ જૂદું હતુ. આનંદ બાબુ તે સોસાયટી માં રહેતા હતા. પરંતુ સ્થિતિ એ થઈ હતી કે સોસાયટીનું નામ ગૌણ બની ગયુ અને તે સોસાયટી આનંદબાબુની સોસાયટી નામે જાણીતી થઈ હતી.

હા...હા...ગાંધીના ગુજરાત ની જેમ જ. શ્રાધપક્ષ ના દિવસો ચાલી રહયા હતા. આનંદબાબુને દેવલોક પામ્યા ને વરસ થયું હતું. આનંદબાબુની પહેલી વરસીમાં સોસાયટીના તમામ લોકો સ્વયંભૂ એકત્ર થયા હતા. આનંદબાબુ આર્મીના રીટાયર કર્નલ હતા. શિસ્તબદ્ધ જીવન અને હસમુખો સ્વભાવ તેમના વ્યકિતત્વનાં લક્ષણો ઊડીને આંખે વળગતા હતા. સગાય નહિ ને એવો કોઈ લોહીનો સબંધેય નહિ છતાં લોકો આનંદબાબુની પૂણયતિથિ માટે ભેગા થયા હતા.

'આનંદ બાબુનું કોઈ સગું હતું ખરું?'

'કંઈ ખ્યાલ નથી.'

'નવાઈ છે ...ભાઈ... નવાઈ.' એક પ્રૌઢ વ્યકિતએ વાતની શરૂઆત કરી. 'આનંદ બાબુ એક એવી વ્યકિત કે જેને બધા સાથે સંબંધ; સોસાયટીના તમામનો તેમને પરિચય અને તેઓ બધાના પરિચયમાં .'હા ..ભાઈ ખૂબ સાચી વાત.'

એક જણાએ હકારમાં માથું ધુણાવ્યું. આનંદબાબુ ની એક ખૂબીના સૌ એકી અવાજે વખાણ કરી રહ્યા હતા .અને તે ખૂબી એ હતી કે તેમના પરિચયમાં જે કોઈ આવે તે તમામની એક સારી બાબત,એક સદગુણ તેઓ શોધી કાઢે .અને પછી તે ગુણને વખાણે ;તેમની જાહેર માં પ્રશંસા કરે,આવું લગભગ તમામ લોકો સાથે કરે .જોત જોતામાં આનંદ બાબુ સૌના લાડિલા થઈ ગયા. આનંદ બાબુની લોકપ્રિયતા સોસાયટી પૂરતી મર્યાદિત ન રહેતાં સમગ્ર પંથકમાં પ્રાસરવા લાગી .તેમની આજે પુણ્યતિથી હતી સોસાયટીમાં જાણે કિડિયારુ ઉભરાયું હતું. સૌ કોઈ આનંદ બાબુના સ્વભાવનાં વખાણ કરતા હતા. પ્રશંસા સૌને ગમે પ્રશંસા અને ખુશામતની પાતળી ભેદરેખા સમજી રાખવા જેવી છે .

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

બાળકથી માંડીને વૃદ્ધ સુધી, સરપંચથી માંડીને મંત્રી સુધી, તલાટીથી માંડીને કલેક્ટર સુધી, પત્નીથી માંડીને પ્રેમિકા સુધી સૌને પ્રશંસાના બે શબ્દો ખૂબ વ્હાલા લાગતાં હોય છે. મને ગમે ,તમને ગમે? પ્રશંસા સૌને ગમે.'' મને પ્રશંસા નથી ગમતી'' — એવું કહેનાર જૂઠું બોલે છે કા દંભ કરે છે.

ખરેખર તો પ્રશંસા દ્વારા તમે તેના ઉત્સાહમાં વધારો કરી રહ્યાં છો.તેને વધુ સારુ કામ કરવા માટે પ્રેરિ રહ્યા છો. કામ કરવાથી લાગેલ થાક ઉતારી રહ્યા છો.તમે અન્યોને ખુશી આપી રહ્યાં છો. આમ, તમે પ્રસન્નતા ફેલાવી રહ્યા છો.પ્રસન્નતા ફેલાવવી એ દૈવીગુણ સંપત્તિ છે.જો તમારી આસપાસ પ્રસન્નતા જ હોય તો તમે પણ પ્રસન્ન હોવાના જ.! જો તમારા થકી એક આહલાદક વાતાવરણુ ઉભુ થતું હોય , અજાણી વ્યકિતમાં ચેતનાનો સંચાર થતો હોય, તો એ રાષ્ટ્રભક્તિનો જ એક પ્રકાર છે. પ્રસન્નતા ફેલાવવાનું કાર્ય એ પ્રભુ કાર્ય છે.

આનંદ બાબુએ આર્મીમાં રહીને દેશભકિત કરી અને નિવૃત્ત થયા પછી પ્રભુભક્તિ કરી .આખી જિંદગી ખરેખર લોકોને આનંદ જ પીરસ્યો હતો .

મિસરી
ખુશ રહો,હર ખુશી હૈ તુમ્હારે લિએ,
છોડ દો,આંસુઓ કો હમારે લિએ.

-કવિ ઈનદીવર

-santoshdevkar03@gmail.com

સાન્તાકલોઝ સ્વપ્નોની સાથે આનંદ વહેંચે છે, ઈચ્છાની સાથે સંતોષ અર્પે છે, શ્રધ્ધાને વિશ્વાસનું ઈંધણ પૂરું પાડે છે

૨૦૧૮ ના અંત ભાગમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વર્ષ ૨૦૧૮ સમાપ્ત થશે ,નવું કેલેન્ડર આવશે. નવા પડકારો - નવી ખુશીઓ - નવા સંઘર્ષો અને નવા સમાધાનો સાથે નવા વર્ષને આવકારવા દુનિયામાં પૂરજોશથી તૈયારી ચાલી રહી છે. આમ તહેવાર તરીકે જોઈએ તો નાતાલનો તહેવાર, ખ્રિસ્તી ધર્મનો મુખ્ય તહેવાર છે. દુનિયાના મોટાભાગના દેશોમાં ખ્રિસ્તી ધર્મનું અનુસરણ થાય છે. આ દિવસો દરમ્યાન ચર્ચમાં રાત-દિવસ ધર્મસભાઓમાં પ્રાર્થના અને ચિંતન થકી પ્રભુ ઈસુના જન્મના આનંદની લાગણીનો પ્રવાહ વહેતો રહે છે. પ્રેમના પર્વ નાતાલની સાથે હવે આપણે સહુ પણ ખૂબ પોતીકાપણા થી જોડાયેલા છીએ. નાતાલ આવે અને વાતાવરણમાં ખુશી અનુભવાય એક અનોખો, પવિત્ર, નિર્દોષ આનંદ ,આબાલ-વૃધ્ધ સહુને -બધું ભૂલીને પ્રેમના પ્રવાહમાં પ્રવાહિત થવાનું ઈજન આપે. ઘર-બજાર-શાળાઓમાં દિવાળી જેવા માહોલનું સર્જન થાય. ઠેકઠેકાણે રોશની, મ્યુઝીક, ડાન્સથી વાતાવરણ આંદોલિત હોય...અને એ સ્પંદનો હૃદય-મનમાં ઉત્સાહ-આનંદ અને પ્રેમની લાગણી પ્રેરનાર કારણ બની રહે. જો આપણે આપણી જાતને એ સ્પંદનોમાં રમમાણ કરીએ તો સાચેજ નવા વર્ષને વધાવવા માટે એક નવું જોમ-નવો ઉત્સાહ આ નાતાલની ઊજવણી થકી સર્જાતા માહોલ થકી પામી શકીએ.

> **આપણા શબ્દો બીજાના જીવનમાં આશા જગાડે, એના ચહેરા પર સ્મિત લાવે અને હૃદયમાં ઉમંગ ભરે તો એ સિવાયનું બધું જ વ્યક્તિ જાતે કરી શકવા સક્ષમ હોય છે**

બાળક નાનું હોય કે મોટું એને હંમેશા ક્રિસમસનું ખૂબ આકર્ષણ હોય છે. આપણે સૌ મોટેરાઓ પાસે પણ ક્રિસમસ નિમિત્તે બાળકો સાથેની ઊજવણીની મીઠી યાદો સંગ્રહાયેલી હશે. નાના બાળકને ક્રિસમસની ઊજવણીમાં સામેલ કરવાની તત્પરતા સાથે યુવા માતા-પિતા, દાદા-દાદી પણ આનંદની અનુભૂતિ પામે છે. આમેય શાંતિ-પ્રેમના દૂત ભગવાન ઈસુના જન્મનું આ પર્વ અનેક પવિત્ર ભાવો સાથે મનાવાય છે .જેમાં પ્રેમ મુખ્ય છે. પ્રેમના માધ્યમથી શાંતિ પામવાનો સંદેશ આપનાર ભગવાન ઈસુના સ્થાનક ચર્ચ-દેવળમાં જઈએ ત્યારે પણ અનોખી શાંતિની અનુભૂતી થાય છે. ખ્રિસ્તી પરિવારો આજનો દિવસ મુખ્યત્વે પ્રાર્થનામાં વ્યતીત કરે છે. ઝનૂન વિનાનો આ પ્રભુપ્રેમ સ્વાભાવિક રીતે શાંતિની દિશામાં દોરી જનાર બને છે. અન્ય કોમના પરિવારો માટે ક્રિસમસના મુખ્ય પ્રતીક કહી શકાય એવી બે વસ્તુઓ છે. પવિત્રતાનું પ્રતીક એવું ક્રિસમસ ટ્રી અને બીજા સાન્તાકલોઝ...

લાલરંગ પ્રેમનો રંગ અને એમાં સફેદના મિશ્રણ સાથે એક સૌમ્ય - ઓજસમયી આભા સાથેનું એક કાલ્પનિક પાત્ર એટલે સાન્તાકલોઝ... નાક પર ચશ્મા, સફેદ દાઢી, ખભે થેલો અને ચહેરા પર મધુર સ્મિત સાથેના આ પ્રભુના દૂતની છબી બાળકો સહિત, આપણા સહુના માનસપટ પર અંકિત થયેલી છે. નાચતા-કૂદતાં, હસતાં-હસાવતાં આ દૂત એમના થેલામાં ખુશીઓ ભરીને ક્રિસમસની આગલી સાંજે એ વહેંચવા નીકળે છે એવી શ્રધ્ધા અને વિશ્વાસથી ભરપૂર વાર્તાઓ આપણે સાંભળી છે...જાણીએ છીએ. તર્કની દુનિયાથી દૂર બાળમાનસ શ્રધ્ધા પૂર્વક આ દેવદૂતના આગમનની રાહ જુવે છે. પોતાની ઈચ્છાઓની યાદી તેમના માટે મૂકીને નિરાંતે પોઢી જાય છે. આ એવી સુંદર પરંપરા છે...ઘટના છે. અંગત રીતે આ મારી ખૂબ ગમતી ઘટના છે જે મને ખૂબ જ રોમાંચિત કરે છે...પુલકિત કરે છે. ઉત્તેજીત કરે છે...આનંદ આપે છે.

સાન્તાકલોઝ પાત્ર ભલે કાલ્પનિક હોય...પરંતુ ક્રિસમસની રાત્રે બાળક માટે સાન્તાકલોઝ બનવાનું એક મનભાવન કામ માતા-પિતા, સ્વજનો, સ્નેહીજનો કરતાં હોય છે અને એમ કરીને આનંદ અનુભવતા હોય છે. આવું મેં કેટલાય પરિવારોમાં જોયું છે. સાન્તાકલોઝ આ માટે પ્રેરણારૂપી પાત્ર છે. જે સ્વપ્નોની સાથે...આનંદ વહેંચે છે. ઈચ્છાની સાથે સંતોષ ભરે છે...શ્રધ્ધાને વિશ્વાસનું ઈંધણ પૂરું પાડે છે. આપણે સહુ ભગવાનના કૃપાપાત્ર સંતાનો છીએ જેને પ્રભુએ શારીરિક-માનસિક-સામાજીક-આર્થિક રીતે સજ્જતા આપી છે. વૈચારિક ક્ષમતા જેવી મૂડી માણસજાત સિવાય કોઈ પાસે નથી...આપણે માત્ર સારા વિચાર વહેંચી શકીએ તો પણ પૂરતું છે...આપણા શબ્દો બીજાના જીવનમાં આશા જગાડે, એના ચહેરા પર સ્મિત લાવે અને હૃદયમાં ઉમંગ ભરે તો એ સિવાયનું બધું જ વ્યક્તિ જાતે કરી શકવા સક્ષમ હોય છે.

અનેક સંસ્થાઓના માધ્યમથી સમાજના જરૂરિયાતમંદ વર્ગની અલગ-અલગ જરૂરીયાતોને પૂરી પાડવાનું કામ ખૂબ મહેનત અને ખંતથી થાય છે, એ સુદૃઢ સમાજ રચના માટે ખૂબ આવકારદાયક બાબત છે. જ્યાં અને જેટલું આપી શકીએ આ પ્રકારનું યોગદાન પણ જીવનને સારી દિશા અર્પે છે. પરંતુ સારાને સારું કહેવામાં આપણું મન અચકાશે તે બીજા બધાજ સતકર્મો બાહ્ય અને દુન્વયી લેખાશે .અંતરમનની શુધ્ધતાથી થતી યોગ્ય પ્રશંસા પણ joy of giving ની ઘટનાનો મુખ્ય પાયો છે. સ્વમાંથી બહાર નીકળવાનો અવસર એકમાત્ર આ ' આપવા ' ની ચેષ્ટામાંથી પ્રાપ્ત થાય છે. કદાચ એ સૌથી ભાગ્યશાળી આત્મા છે જેને બીજાને સુખ પહોંચાડવાની પહોંચ અને અવસર પ્રાપ્ત થાય છે. કાળજી લેવાની હુંફ આપવાની સૂઝ-સમજ જેને આશીર્વાદ રૂપે મળી છે એ પ્રભુનો લાડકવાયો છે. સન્માનીય મધર ટેરેસાનું જીવન શ્રેષ્ઠ ઉદાહરણ છે. કોઈની આશા...ઈચ્છા...અપેક્ષા સંતોષીને મળતા એ પરમ આનંદની લાગણીને શબ્દમાં વર્ણવવી અઘરી છે. ક્યારેક જાણીને કે અજાણતાં આવું કંઈ આપણા થકી થાય તો એ ક્ષણ આજીવન યાદગાર નીવડે છે બંન્ને પક્ષ માટે દરેકની અનુભૂતી હશે જ 'joy of giving' તરીકે પરિભાષિત આ લાગણી એટલી અદભૂત છે કે આપનાર અને લેનાર બંને વચ્ચેનો સંબંધ ગાઢ અને અતૂટ બનાવે છે. જીવનમાં ઉત્સાહ પ્રેરે છે...હુંફની અનુભૂતિ થી માણસ જીવન જીવવાનું બળ પામે છે. મનુષ્ય જીવનમાં કદાચ આથી વિશેષ કોઈ સતકર્મ ના હોઈ શકે.

અબીલ-ગુલાલ
મમતા રાવલ

'joy of giving' ની આ લાગણી રૂપિયા-પૈસાની મોહતાજ નથી...કદાચ આપણું એક નાનકડું સ્મિત પણ અન્ય માટે જીવન જીવવાનું બહાનું બની શકે. વ્યક્તિ કંઈક આપવાનો અભિગમ કેળવી લે એટલું જ જરૂરી છે. કુદરતે એને ખૂબ ધનિક બનાવ્યો છે...આપવાથી એનો એ ભંડાર અનેકગણો વૃધ્ધિ પામે છે અને સંતોષ અને સ્વાભિમાન થી પોતાની જાત પ્રત્યે સન્માનની લાગણી અનુભવી શકે છે. કદાચ દુનિયામાં જીવનાર પ્રત્યેક વ્યક્તિ આ અનુભૂતિની તરસમાં જીવનભર ફાંફા મારતો રહે છે.

> અનેક સંસ્થાઓના માધ્યમથી સમાજના જરૂરિયાતમંદ વર્ગની અલગ-અલગ જરૂરીયાતોને પૂરી પાડવાનું કામ ખૂબ મહેનત અને ખંતથી થાય છે, એ સુદૃઢ સમાજ રચના માટે ખૂબ આવકારદાયક બાબત છે. જ્યાં અને જેટલું આપી શકીએ આ પ્રકારનું યોગદાન પણ જીવનને સારી દિશા અર્પે છે. પરંતુ સારાને સારું કહેવામાં આપણું મન અચકાશે તે બીજા બધાજ સતકર્મો બાહ્ય અને દુન્વયી લેખાશે .અંતરમનની શુધ્ધતાથી થતી યોગ્ય પ્રશંસા પણ joy of giving ની ઘટનાનો મુખ્ય પાયો છે. સ્વમાંથી બહાર નીકળવાનો અવસર એકમાત્ર આ ' આપવા ' ની ચેષ્ટામાંથી પ્રાપ્ત થાય છે. કદાચ એ સૌથી ભાગ્યશાળી આત્મા છે જેને બીજાને સુખ પહોંચાડવાની પહોંચ અને અવસર પ્રાપ્ત થાય છે. કાળજી લેવાની હુંફ આપવાની સૂઝ-સમજ જેને આશીર્વાદ રૂપે મળી છે એ પ્રભુનો લાડકવાયો છે.

પરંતુ કસ્તુરી મૃગને એની નાભીમાં સંઘરાયેલ કસ્તુરીની જાણ નથી હોતી એમ જીવનનો સમય વ્યર્થ ખર્ચાઈ જાય છે. સમાપ્ત થઈ રહેલા વર્ષે, આપણે વર્ષ દરમ્યાન, ''